

# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

### ....સર્જક-સંવાદ...

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને ભાવનગર ગદ્યસભાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪-૨-૦૮ને રવિવારે ભાવનગરમાં બી. એમ. કૉમર્સ સ્કૂલ ખાતે નવોદિત સર્જકોની સિસૃક્ષાને સંકોરતો પરિષદનો કાર્યક્રમ 'સર્જક-સંવાદ' સફળતાપૂર્વક યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શહેરના વીસેક નવોદિત સર્જકોએ ભાગ લીધો હતો. જેમાં સર્વશ્રી ગુણવંત ઉપાધ્યાય, શ્રી અરુણ દેશાણી, શ્રી રમણીકભાઈ ભટ્ટી વગેરેએ પ્રોત્સાહક હાજરી આપી હતી. પરિષદ પ્રેરિત અને આયોજિત આ કાર્યક્રમમાં શ્રી બી. એમ. શાહ એજ્યુકેશન સોસાયટી સંકુલ ઉપરાંત ભાવનગર ગદ્યસભા, બુધસભા, ભાષાસાહિત્ય ભવન તથા ગઝલ વિદ્યાપીઠ જેવી સ્થાનિક સાહિત્યસંસ્થાઓનો સક્રિય સહયોગ સાંપડ્યો હતો.

**અજય ઓઝા**

### 'વલસાડમાં યોજાયેલ 'સાહિત્યયાત્રા પર્વ' અને 'સર્જક-સંવાદ'

વલસાડ : ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ, સંસ્કાર મિલન વલસાડ તથા બાઈ આવાંબાઈ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬-૨-૦૮ના દિને શ્રી નારાયણ દેસાઈનાં અધ્યક્ષપદે ''સાહિત્યયાત્રા પર્વ'' નિમિત્તે વાડિયા હૉલમાં યોજાયેલ સમારંભ શ્રોતાઓ તથા વિદ્યાર્થીઓની ભરચક હાજરીમાં સંપન્ન થયો.

પ્રથમ હાઈસ્કૂલની બાળાઓની સુંદર પ્રાર્થના બાદ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી નારાયણ દેસાઈએ ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાની હાકલ કરી હતી. છેવાડાના માનવી સુધી સાહિત્ય પહોંચે એવા આયોજનની માહિતી આપી હતી. વધુમાં જણાવ્યું હતું કે પુસ્તકો માનવીને જીવન જીવવાની કળા શીખવે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓને અત્યારથી જ સારા વાંચનની ટેવ પાડવાની હિમાયત કરી હતી. અને ગાંધીના ગુજરાતમાં સદાકાળ ભાષાનું ગૌરવ જળવાઈ રહે એની કાળજી રાખવા ઉપર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે પધારેલા સાહિત્યકારો શ્રી હિમાંશી શેલત, શ્રી જનક નાયક, શ્રી પ્રફુલ્લભાઈ અને શ્રી બકુલેશ દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. સમાપનમાં મૂર્ધન્ય કવિશ્રી ઉશનસે શ્રી નારાયણ દેસાઈની ભાષા પ્રત્યેની ધગશ અને લગનની પ્રશંસા કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી અમૃત દેસાઈએ કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને સંસ્કાર મિલન, વલસાડના સંયુક્ત ઉપક્રમે વલસાડના નવોદિત સર્જકો માટેના કાર્યક્રમ 'સર્જક-સંવાદ'નું આયોજન ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૮ ને મંગળવારે સાંજે ૫.૦૦ કલાકે, વિદ્યામૃત વર્ષિણી પાઠશાળાના હૉલમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વલસાડની આસપાસના વિસ્તારના નવોદિત સર્જકો અને સાહિત્ય-રસિકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને ઉપસ્થિત રહેલા વલસાડના ગૌરવસમા કવિ



ઉશનસે, નવોદિતોએ રજૂ કરેલી કૃતિઓને આધારે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી અમૃતભાઈ દેસાઈએ 'સર્જક એવૉર્ડ કાર્યક્રમ'ની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન 'સર્જક-સંવાદ'ના સંયોજકો ડૉ. મનોરમા પટેલ અને પ્રા. દિનકર ટંડેલે કર્યું હતું.

**અમૃત દેસાઈ**

મંત્રી, 'સંસ્કાર મિલન'

### બુક લવર્સ ફોરમ, ભરૂચ

આપ જાણો છો કે ગઈ તા. ૨૧-૨-૨૦૦૮થી તા. ૨૮-૨-૨૦૦૮ લગી ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા સાહિત્યયાત્રા યોજવામાં આવી હતી. આ યાત્રામાં પરિષદના પ્રમુખ શ્રી નારાયણભાઈ દેસાઈ સહિત કેટલાક પ્રતિષ્ઠિત સાહિત્યકારો જોડાયા હતા. દક્ષિણ ગુજરાતનાં શહેરો વ્યારા, વલસાડ, નવસારી, સુરત, બારડોલી, કીમ, અંકલેશ્વર અને ભરૂચમાં સાહિત્યયાત્રાનું આગમન થયું હતું અને વિવિધ સાહિત્યલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. આ યાત્રાનો હેતુ ગુજરાતી સાહિત્ય પરિષદને લોકાભિમુખ બનાવવાનો છે. પરિષદને સહકાર આપી આપણે પુસ્તકપ્રેમી મિત્રો કૃતાર્થ થઈએ.

**– જે. કે. શાહ**

**– નરોત્તમ વાળંદ**

### ગાંધીકથાકાર શ્રી નારાયણ દેસાઈ પ્રેરિત ગુજરાતવ્યાપી સાહિત્યયાત્રાના ઉપક્રમે અંકલેશ્વર નગરમાં સાહિત્યગોષ્ઠિ

ગુજરાતી સાહિત્ય પરિષદના નવા વરાયેલા પ્રમુખ તથા ખ્યાતનામ ગાંધીકથાકાર, ચિંતક, સાહિત્યકાર શ્રી નારાયણ દેસાઈએ તાજેતરમાં ગુજરાતી ભાષાસાહિત્યના વ્યાપક પ્રચાર અર્થે યોજેલી સાહિત્ય-યાત્રા વલસાડ, વ્યારા, બારડોલી, સુરત, કીમ વગેરે સ્થળોએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતાં કરતાં તા. ૨૭ ફેબ્રુ. '૦૮ના રોજ અંકલેશ્વર મુકામે આવી પહોંચી હતી. જેના પ્રથમ સોપાનમાં કડકિયા કૉલેજ, અંકલેશ્વર ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના કોષાધ્યક્ષ શ્રી રાજેન્દ્ર પટેલે 'આધુનિક મૅનેજમેન્ટ અને સાહિત્ય' વિશે કૉલેજના બી. બી. એ.ના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો સમક્ષ પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. સાહિત્યના સંપર્કમાં રહેલો મૅનેજમેન્ટનો વ્યક્તિ સામાન્ય વ્યક્તિ કરતાં કેવી રીતે સફળ બની શકે એની વાત ઉદાહરણ સહિત શ્રી રાજેન્દ્ર પટેલે કરી હતી. આ પ્રસંગે પ્રખ્યાત હાસ્યલેખક રતિલાલ બોરીસાગર તથા નિબંધકાર કવિ-વિવેચક ડૉ. મણિલાલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બપોરે અંકલેશ્વરની શ્રી જે. એન. પીટીટ લાઇબ્રેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. મણિલાલ હ. પટેલ, રતિલાલ બોરીસાગર તથા રાજેન્દ્ર પટેલે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલા નગરવાસીઓ સમક્ષ 'સાહિત્ય અને આપણે' વિષય પર વિવિધ પાસાંઓને સ્પર્શતી ગોષ્ઠિ માંડી હતી. ડૉ. મણિલાલ હ. પટેલની પ્રસિદ્ધ કાવ્યરચના 'ગામ જવાની હઠ છોડી દે'નું સર્જક દ્વારા પઠન થયું હતું. સર્જનાત્મક અભિવ્યક્તિની બેઠકમાં અંકલેશ્વરના સાહિત્યપ્રેમીઓ દેવાનંદ જાદવ, ડૉ. જયશ્રી ચૌધરી, પ્રા. વર્ષા પટેલ, શ્રી વિરલ શાહ, કુ. શૈરોન પટેલે પોતાની રચનાઓ રજૂ કરી હતી.

બાળમહિલા પુસ્તકાલયના પ્રમુખ શ્રી ડૉ. લતાબહેન શ્રોફ તથા જે. એન. પીટીટ

લાઇબ્રેરીના પ્રમુખ શ્રી ભૂપેન્દ્ર શ્રોફે અંકલેશ્વરમાં લાઈબ્રેરીના વિકાસ તથા સંચાલન અંગેની પરિસ્થિતિથી મહેમાન સાહિત્યકારોને વાકેફ કર્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કડકિયા કૉલેજના આચાર્ય ડૉ. જગદીશ ગૂર્જરે સાહિત્યયાત્રાના પ્રયોજન વિશે પ્રકાશ પાડી મહેમાન સાહિત્યકારોનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમોનું સંચાલન ડૉ. જગદીશ ગૂર્જર તથા શ્રી તુષાર સોનીએ તથા આભારવિધિ ડૉ. જયશ્રી ચૌધરી તથા શ્રીમતી દક્ષા શાહે કરી હતી. આ કાર્યક્રમની સફળતા માટે તુષાર સોની, દક્ષા શાહ તથા કોકિલાબહેન પંડ્યાએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

**– જગદીશ ગુર્જર**

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિરના ઉપક્રમે ''સ્કૉટિશ વુમન ઇન ઇન્ડિયા : ધ ડ્રૉઇંગ્ઝ ઑફ એલાઇઝા હન્ટર બ્લૅર'' એ વિષય પર શ્રીમતી એન બડલે સ્લાઇડ પ્રદર્શન સાથે તા. ૨૭-૨-૦૮ના રોજ સાંજે વક્તવ્ય આપ્યું હતું. શ્રીમતી એન બડલ હેડ ઑફ એક્ઝિબિશન ઍન્ડ કલેક્શન મૅનેજમેન્ટ : નેશનલ ગેલેરિઝ ઑફ સ્કૉટલેન્ડ તરીકે સેવાઓ આપે છે. એલાઈઝા બ્લૅરે ૧૮૨૦થી ૧૮૩૧ સુધીના પોતાના ભારતમાં નિવાસ દરમ્યાન દોરેલાં ચિત્રો, રેખાચિત્રો વગેરેની વક્તાએ માહિતીપૂર્ણ અને સ્લાઇડ્ઝ દ્વારા વિગત આપી હતી. વક્તાએ પોતે આર્ટ ગૅલેરી તેમજ પ્રદર્શનોના ક્યુરેટર તરીકે સેવાઓ આપી છે. સ્વાગત-સંચાલન-આભારવિધિ અનિલા દલાલે કર્યાં હતાં.

♦

રવીન્દ્ર ભવનના ઉપક્રમે શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી નિરંજન ભગતે રવીન્દ્રનાથની ઉત્તરવયની નવલકથા 'શેષેર કવિતા'ના કાવ્ય 'હે બંધુ, વિદાય' પર વક્તવ્યો આપ્યાં. શ્રી ભોળાભાઈએ નવલકથાની ભૂમિકા આપી કાવ્યનું સ્થાન દર્શાવ્યું, તો શ્રી નિરંજનભાઈએ કાવ્યનો મર્મ સમજાવતાં સમજાવતાં નવલકથામાંથી કેટલાક અંશોનું પણ રસપ્રદ પઠન કર્યું. કાર્યક્રમ તા. ૫-૩-૨૦૦૮ના રોજ યોજાયો હતો.

♦

## શ્રી તારાબહેન મહેતા વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરાના સંયુક્ત ઉપક્રમે સદ્‌ગત માતુશ્રી તારાબહેન મહેતા વ્યાખ્યાનમાળા અન્વયે શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટે તા. ૬-૩-૨૦૦૮ના રોજ 'કવિ-સર્જક શ્રી સુંદરમ્ – શતાબ્દી સ્મૃતિવંદના' એ વિષય પર પ્રેરક, અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. લોકભારતીના સારસ્વત ભવનમાં ઉપસ્થિત સૌની સમક્ષ સાહિત્યના સાધક કવિ શ્રી સુંદરમ્‌નાં જીવન, વ્યક્તિત્વ અને વિશિષ્ટ સર્જનનો શ્રી યોગેન્દ્રભાઈએ રસાળ શૈલીમાં આલેખ મૂકી આપ્યો હતો અને પછી કવિનાં કાવ્યો-મુક્તકોનો રસાસ્વાદ પણ કરાવ્યો હતો. મહાવિદ્યાલયના ગુજરાતીના પ્રા. શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ આરંભમાં વક્તાનો પરિચય આપી સ્વાગત કર્યું હતું અંતે નિયામક શ્રી પ્રવીણચંદ્ર ઠક્કરે આભારવિધિ કરી હતી.

## સૉનેટસત્ર (સાદરા)

ગુજરાતી ભાષાસાહિત્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૮-૯



માર્ચ ૨૦૦૮ના દિવસો દરમિયાન મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા ખાતે શ્રી ઉશનસ્‌ના અધ્યક્ષ પદ હેઠળ સૉનેટસત્ર યોજાયુ હતું

ઉદ્‌ઘાટન-બેઠકનો પ્રારંભ પ્રાર્થના-ભજનથી કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમ સંયોજક શ્રી ગાયત્રીદત્ત મહેતા દ્વારા સહુ મહેમાનોનું સુતરની આંટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. રવીન્દ્રભાઈ પારેખે સૉનેટસત્રની ભૂમિકા આપી હતો અને શ્રી ઉષાબહેન ઉપાધ્યાયે વિભાગની પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો તથા તેમણે સાદરા ખાતે વાંચન શિબિરનું આયોજન કરવાની વાત કરી હતી. ઉદ્‌ઘાટન શ્રી કૃષ્ણકાંતભાઈ જહાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉશનસે અધ્યક્ષીય પ્રવચન આપતાં કહ્યું હતું કે પોતે ગાંધીયુગના કવિ છે અને સૉનેટ પણ ગાંધીયુગનો પ્રકાર છે. આ બેઠકને અંતે આભારવિધિ શ્રી મહેશભાઈ જાદવે કરી હતી. બેઠકનું સંચાલન રતિલાલ બોરીસાગરે કર્યું હતું.

'સૉનેટ : સ્વરૂપ અને ઇતિહાસ' પ્રથમ બેઠકના અધ્યક્ષ હતા શ્રી ચંદ્રકાંત ટોપીવાળા અને આ બેઠકનું સંચાલન શ્રી રાજેન્દ્ર પટેલે કર્યું હતું. આ બેઠકમાં 'સૉનેટનો ઇતિહાસ' વિશે હરિકૃષ્ણ પાઠકે બ. ક. ઠાકોરના સૉનેટ સંદર્ભે ચર્ચા કરી હતી અને એમનાં કેટલાંક સૉનેટના કર્તૃત્વ વિશે પ્રશ્નો કર્યા હતા. ઉષાબહેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સૉનેટ લખાતાં ઓછાં થવાનું કારણ જીવનનો લય બદલાયો છે એ પણ ગણાવી શકાય.

'સૉનેટ સ્વરૂપ પ્રકાર' એ વિષય પર ડૉ. મણિલાલ પટેલ અને ડૉ. દક્ષેશ ઠાકરે વક્તવ્ય આપ્યાં હતાં. ડૉ. મણિલાલ પટેલે જણાવ્યું હતું કે 'ગીત, ગઝલને શીર્ષક વિના ચાલે પરંતુ સૉનેટને શીર્ષક હોય જ છે અને તે પ્રતીકાત્મક હોય છે. ડૉ. દક્ષેશ ઠાકરે પોતાના વક્તવ્યમાં વિશ્વની ઉત્તમ ઊર્મિ સૉનેટમાં પ્રગટી છે એમ જણાવ્યું હતું તથા સૉનેટને 'કવિતાની કલગી' તરીકે ઓળખાવ્યું હતું તેમણે સૉનેટના પ્રકાર અને પંક્તિઓની સંખ્યા વિશે માહિતી આપી હતી. અંતમાં શ્રી ચંદ્રકાંત ટોપીવાળાએ અધ્યક્ષીય વક્તવ્યમાં જણાવ્યું હતું કે ચૌદ પંક્તિમાં લખાયેલું બધું જ સૉનેટ નથી હોતું; સાડા તેર અને પંદર પંક્તિનાં પણ સૉનેટ લખાયાં છે.

બીજી બેઠકના અધ્યક્ષ ડૉ. રઘુવીર ચૌધરી હતા તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'સૉનેટ ઓછાં લખાવાનું મુખ્ય કારણ એ છે કે એમાં જે પ્રબંધનુ તત્ત્વ છે તે પાળવું સહેલું નથી 'આ બેઠકના વક્તાઓમાંથી શ્રી રાજેન્દ્ર પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'સર્જકમાં સાહસનો અભાવ એ સૉનેટ ઓછા લખાવાનું કારણ ગણી શકાય.' શ્રી નયન દેસાઈએ પોતાના વક્તવ્યમાં કટાક્ષ કરતાં કહ્યું હતું કે સૉનેટમાં સર્જકે છંદ જાળવવા 'અરરર', 'તલો', 'મહી', 'હોવે' જેવા અર્થહીન શબ્દો વાપરવા પડે છે ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે 'ગઝલની લોકપ્રિયતા વધતાં સૉનેટની લોકપ્રિયતા ઘટી છે. શ્રી યોગેશ જોષીએ સૉનેટ ઓછા લખાવાના કારણમાં સંસ્કૃતનું ઓછું જ્ઞાન એ પણ એક કારણ ગણાવ્યું હતું. અંતમાં ચર્ચા ખુલ્લી મૂકવામાં આવી હતી જેમાં અનુક્રમે ઉશનસ્, રતિલાલ બોરીસાગર, જનક નાયક, રમેશ દવે, ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય, રામચંદ્ર પટેલ, દેવેન્દ્ર દવે, જગદીશ કંથારિયા, રાજેન્દ્ર ગોહિલ, કિરણ ચૌહાણ વગેરેએ પોતાનાં મંતવ્ય રજૂ કર્યાં હતાં. છેલ્લે રઘુવીર ચૌધરીએ બેઠકનું સમાપન કર્યું હતું. બેઠકનું સંચાલન ધ્વનિલ પારેખે કર્યું હતું.

'કવિ સંમેલન' આ બેઠકના અધ્યક્ષ ડૉ. રઘુવીર ચૌધરી હતા તથા સંચાલન શ્રી જયદેવભાઈ શુક્લએ કર્યું હતું. આ કવિ સંમેલનમાં હરદ્વાર ગોસ્વામી, રામચંદ્ર પટેલ, રવીન્દ્ર પારેખ, કિરણ ચૌહાણ, મણિલાલ પટેલ, ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય, નયન દેસાઈ, દેવેન્દ્ર દવે,

રાજેન્દ્ર પટેલ, ગૌરાંગ ઠાકર, દક્ષાબહેન વ્યાસ, મહેશ દાવડકર, જનક નાયક, સંજુવાળા, ધ્વનિલ પારેખ, રમણીક સોમેશ્વર, યોગેશ જોષી, હરિકૃષ્ણ પાઠક, રીતાબહેન ત્રિવેદી, જયદેવ શુક્લ, ડૉ. રઘુવીર ચૌધરી વગેરેએ ભાગ લીધો હતો.

''મહત્ત્વના સૉનેટકવિઓ'' – આ બેઠકના અધ્યક્ષ શ્રી ચંદ્રકાંત શેઠ હતા તથા સંચાલન ભારતીબહેન દવેએ કર્યું હતું. જયેન્દ્ર શેખડીવાળાએ જણાવ્યું હતું કે બ. ક. ઠાકોરનાં સૉનેટ વાંચવા પડે, એમાં ઊંડા ઊતરવું પડે ત્યારે એમાં રહેલો ખજાનો પ્રાપ્ત થાય. પ્રફુલ્લ રાવલે ઉમાશંકર જોષીનાં સૉનેટ વિશે જણાવ્યું હતું કે તેમને શિખરિણી છંદ વધુ પ્રિય હતો. તેઓ જેટલા વાસ્તવિક કવિ હતા એટલા જ રોમૅન્ટિક કવિ પણ હતા. ધ્વનિલ પારેખે સુંદરમ્‌નાં સૉનેટ સંદર્ભે જણાવ્યું હતું કે પ્રણયકાવ્યોમાં પ્રિયપાત્રને ચાહવાથી સમગ્ર વિશ્વને ચાહવાની ગતિ છે. સુંદરમ્‌ને પૃથ્વી અને શિખરિણી છંદ વધુ અનુકૂળ હતા. ઉપરાંત તેમણે સૉનેટસ્વરૂપ સાથે અનેક પ્રયોગો કર્યા હતા. દીપકભાઈ પંડ્યાએ નિરંજન ભગતના સૉનેટને બે ભાગમાં વહેંચીને વાત કરી હતી. જયદેવભાઈ શુક્લે રાજેન્દ્ર શાહનાં સૉનેટના વિષયોમાં પ્રણય, પ્રકૃતિ અને અધ્યાત્માનો સમાવેશ થાય છે, એવું નિરીક્ષણ કર્યું હતું. દક્ષાબહેન વ્યાસે જયન્ત પાઠકનાં સૉનેટ વિશે વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે 'સૂક્ષ્મ અને તીવ્ર સંવેદનશીલતા અને કૃતિ પર પોતાની આગવી છાપ છોડી જતો અવાજ તેમની કવિપ્રતિભાની લાક્ષણિકતા છે.' રમણ સોનીએ ઉશનસ્‌નાં સૉનેટ વિશેના વક્તવ્યમાં જણાવ્યું હતું કે તેઓ છંદ અને લય પર પ્રભુત્વ ધરાવે છે અને અત્યારે લખાતાં સૉનેટમાંથી મોટા ભાગનાં સૉનેટ ઉશનસ્ લખે છે. 'વળાવી બા આવી' સૉનેટથી અત્યાર સુધીનાં સૉનેટમાં ઉશનસ્‌ની કેવી ગતિ રહી છે, એનો ખ્યાલ દૃષ્ટાંતસહ આપ્યો હતો. અંતમાં અધ્યક્ષ ચંદ્રકાન્ત શેઠે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું અને આ સમગ્ર ઉપક્રમને બિરદાવ્યો હતો.

સમાપન-બેઠકના અધ્યક્ષ શ્રી સુદર્શન આયગાર હતા. તેમણે અધ્યક્ષીય વક્તવ્યમાં જણાવ્યું હતું કે આપણા વિદ્યાર્થીઓએ ઇટાલીનાં જે સૉનેટ છે તેનો અને સૉનેટના મૂળ વિશે અભ્યાસ કરવો જોઈએ. ઉપરાંત તેમણે એક અંગ્રેજી સૉનેટનું પઠન પણ કર્યું હતું. શ્રી ઉશનસે સમાપન-વક્તવ્ય આપ્યું હતું અને આભારવિધિ શ્રી અનિલાબહેન દલાલ તથા શ્રી કનુભાઈ વસાવાએ કરી હતી.

**– નીલેશ પી. પટેલ**

## કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત સદ્. કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન તા. ૧૮-૩-૨૦૦૮ના રોજ ડૉ. પિંકી પંડ્યાએ આપ્યું હતું. તેમનો વિષય હતો 'ધ્વનિપરિવર્તન અને ઉચ્ચારણ.' ધ્વનિમાં થતાં પરિવર્તન પાછળ કામ કરતાં પરિબળો વિશે અને પરિણામરૂપ ઉચ્ચારણમાં થતા ફેરફારોની વાત પિંકીબહેને વિશદતાથી કરી. વ્યાખ્યાન પરિષદ ભવનમાં યોજાયું. શ્રી બોરીસાગરે આભારવિધિ કરી હતી.

## વિશ્વનાથ મગનલાલ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા

પરિષદ અને પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરાના સંયુક્ત ઉપક્રમે આ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન ડૉ. ભરત મહેતાએ તા. ૨૧-૩-૦૮ના રોજ વડોદરા મુકામે આપ્યું. તેમણે 'પ્રતિબદ્ધતાનું કાવ્યશાસ્ત્ર' એ વિશે સૈદ્ધાંતિક વક્તવ્ય આપ્યું. આરંભમાં શ્રી રતિલાલ બોરીસાગરે સ્વાગત



કર્યું હતું.

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

પરિષદ અંતર્ગત આ નિધિના ઉપક્રમે આ વર્ષે બહેનો માટે નિબંધ-લેખનની સ્પર્ધા યોજવામાં આવી છે. 'નિબંધ' સંજ્ઞાને વ્યાપક સંદર્ભે લેવામાં આવશે, એટલે કે લલિત નિબંધ, હાસ્ય નિબંધ, ચરિત્ર નિબંધ, પ્રવાસ નિબંધ તેમજ ચિંતનાત્મક નિબંધ – એમ પાંચ પ્રકારના નિબંધને આવરી લેવાનું વિચાર્યું છે. નિબંધ અ-પ્રકટ હોવો જરૂરી છે. નિબંધ ૧૩૦૦થી ૧૫૦૦ શબ્દોની મર્યાદામાં લખાયેલો હોવો જોઈએ. સ્પર્ધા માટે નિબંધ મોકલવાની આખરી તારીખ ૩૧-૮-૨૦૦૮ રાખવામાં આવી છે. આ તારીખની મર્યાદામાં નિબંધ પરિષદની ઑફિસે પહોંચાડવા વિનંતી છે. (નામ, સરનામું, ફોન નંબર વગેરે માહિતી સાથે લખવી.)

## રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા

તા. ૧૨-૪-૨૦૦૮ના રોજ સાંજે પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી અતુલભાઈ ડોડિયાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.

❐

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

### માર્ચ : ૨૦૦૮ના અંકમાં આપેલ જાહેરાતમાં ભૂલ-સુધાર

**શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક :**

૨૦૦૬-૨૦૦૭નાં બે વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલાં લેખિકાઓનાં વર્ષદીઠ એક-એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક :**

૨૦૦૬-૨૦૦૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

**નોંધ : પરબ પારિતોષિકો :** વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન 'પરબ'માં પ્રકાશિત શ્રેષ્ઠ કાવ્ય, લેખ, નિબંધ અને નવલિકાને પ્રતિવર્ષ એક એક પારિતોષિક આપવામાં આવશે.

**ભારતી ર. દવે**
પ્રકાશનમંત્રી

## 'પરબ' એર-મેઇલથી મોકલવા બાબત

પરિષદના વિદેશમાં વસતા આજીવન સભ્યોમાંથી જે સભ્યોને સી-મેઇલથી 'પરબ' મળે છે તેઓ 'પરબ'ના અંકો એર-મેઇલ દ્વારા મેળવવા ઇચ્છતા હોય તો ટપાલખર્ચ રૂપે પ્રતિવર્ષ રૂ. ૩૬૦ પરિષદને મળે તે રીતે પાઉન્ડમાં / ડોલરમાં અથવા રૂપિયામાં મોકલવા વિનંતી છે. જે સભ્યો આ રીતે પ્રતિવર્ષ પૂરક રકમ મોકલશે તેમને જ 'પરબ'ના અંકો એર-મેઇલથી મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે, તેની નોંધ લેવા વિનંતી છે.

**– ભારતી ર. દવે**
પ્રકાશનમંત્રી

❐